# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે લોકસભામાં આવતીકાલે ખાસ ચર્ચા થશે

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટૂંક સમયમાં અમદાવાદ વૈશ્વિક રમતગમતના નકશામાં ટોચ પર હશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો

3) દિલ્હી વિમાનીમથકે મુસાફરોને મુસાફરી કરતા પહેલા તેમની એરલાઇન સાથે ફ્લાઇટ્સની જાણકારીની તપાસ કરવાની સલાહ આપી

4) ગોવા સરકારે અરપોરામાં એક ક્લબમાં લાગેલી ભીષણ આગની મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ આપ્યો - જેમાં 25 લોકો માર્યા ગયા હતા

5) પુરુષોની હોકીમાં , ભારત આજે કેપટાઉનના સ્ટેલેનબોશમાં ત્રણ મેચની શ્રેણીની પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# VANDE MATRAM - DISCUSSION

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે લોકસભામાં આવતીકાલે ખાસ ચર્ચા શરૂ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકસભામાં આ ચર્ચા શરૂ કરશે.

ગયા અઠવાડિયે આ અંગે માહિતી આપતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે આખા દિવસની ચર્ચા બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં મળેલી સર્વપક્ષીય બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે વંદે માતરમ પર ચર્ચા ૮ ડિસેમ્બરે અને ચૂંટણી સુધારા પર ચર્ચા ૯ ડિસેમ્બરે થશે.

(બાઇટ- કિરેન રિજિજુ)

. . . . . . . . . . . . .

# INDIA - JAPAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં ભારત -જાપાન ફોરમના ઉદ્ઘાટન સત્રમાં ભાગ લીધો હતો. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેમની વચ્ચે ઉભરતી વિશ્વ વ્યવસ્થા અને ભારત -જાપાન સહયોગ પર મહત્વપૂર્ણ ચર્ચા થઈ છે.

. . . . . . . . . . . . .

# AMIT SHAH - GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમદાવાદ ટૂંક સમયમાં વૈશ્વિક રમતગમતના નકશામાં ટોચ પર પહોંચશે અને 2036 ઓલિમ્પિક રમતોના યજમાન અધિકારો મેળવશે.

શ્રી શાહે અમદાવાદમાં એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું ઉદ્ઘાટન અને ખાતમુર્હૂત કર્યા પછી જાહેરસભાને સંબોધિત કરી રહ્યા હતા. શ્રી શાહે કહ્યું કે અમદાવાદમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વકક્ષાના રમતગમત માળખા અને તાલીમ સુવિધાઓનો જબરદસ્ત વિસ્તરણ જોવા મળ્યો છે.

(બાઇટ : AMIT SHAH – SPORTS)

પ્રધાનમંત્રી શ્રી મોદીના નેતૃત્વમાં ભારતના સર્વાંગી વિકાસ પર ભાર મૂકતા શ્રી શાહે કહ્યું કે, એનડીએ ટૂંક સમયમાં બંગાળ અને તમિલનાડુમાં સરકાર બનાવશે . લોકોને ગ્રીન ચળવળમાં જોડાવા માટે પણ હા ંકલ કરી અને તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં દરેક હાઉસિંગ સોસાયટીને ઓછામાં ઓછા પાંચ વૃક્ષો વાવવા માટે વિનંતી કરી.

આ કાર્યક્રમ દરમિયાન, શ્રી શાહે 800 થી વધુ EWS ઘરો, ઝૂંપડપટ્ટી વિકાસ પ્રોજેક્ટ્સ અને તળાવો અને બગીચાઓ સહિત વિવિધ અન્ય શહેરી જાહેર સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું . તેમણે ગોતામાં એક મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે શિલાન્યાસ સમારોહ પણ કર્યો અને અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ લોકો -કેન્દ્રિત પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો . તેમણે અમદાવાદ મહાનગરપાલિકા ના આશરે 100 નવા નિયુક્ત સહાયક ફાયર ઓફિસરોને નિમણૂકપત્રો પણ સોંપ્યા.

અમદાવાદ શહેરના વૈષ્ણોદેવી સર્કલ નજીક આયોજીત કાર્યક્રમમાં શ્રી શાહે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદી બેન પટેલના જીવન પર આધારિત પુસ્તક “ચુનોતિયા મુઝે પસંદ હૈ” ની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કર્યું.

અપર્ણા ખુંટ // ઓલ ઇન્ડિયા રેડિયો ન્યૂઝ // અમદાવાદ

. . . . . . . . . . . . .

# DELHI AIRPORT

દિલ્હી વિમાનીમથકે મુસાફરોને વિમાનીમથક પર મુસાફરી કરતા પહેલા તેમની એરલાઇન સાથે છેલ્લામાં છેલ્લી ફ્લાઇટ્સની જાણકારીની તપાસ કરવાની સલાહ આપી છે. કારણ કે ઇન્ડિગો ફ્લાઇટ્સ હજુ પણ મોડી પડી શકે છે.

દરમિયાન, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ઇન્ડિગોના મુખ્ય કાર્યકારી અધિકારી પીટર એલ્બર્સ અને એકાઉન્ટેબલ મેનેજર ઇસિડ્રો પોર્કેરાસને કારણદર્શક નોટિસ ફટકારી છે જેમાં મુસાફરોને ભારે અસુવિધા અને તકલીફ ઊભી કરનારી મોડી ફ્લાઇટ અંગે 24 કલાકની અંદર સ્પષ્ટતા માંગવામાં આવી છે.

નિયમનકારે આ અંધાધૂંધી માટે એરલાઇન દ્વારા મંજૂર ફ્લાઇટ ડ્યુટી સમય મર્યાદા ધોરણો હેઠળ સુધારેલી આવશ્યકતાઓ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં નિષ્ફળતાને જવાબદાર ગણાવી હતી.

અગાઉ સરકારે ઇન્ડિગોને રદ કરાયેલી અથવા વિક્ષેપિત ફ્લાઇટ્સ માટે બાકી રહેલા તમામ મુસાફરોના રિફંડ વિલંબ વિના ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . .

# GOA FIRE - AMIT SHAH

ગોવા સરકારે બારડેઝ તાલુકાના અરપોરામાં એક ક્લબમાં લાગેલી ભીષણ આગની મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ આપ્યો છે , જેમાં 25 લોકો માર્યા ગયા હતા . આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ પણ થયા હતા , જેના કારણે સ્થાનિક અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી . પરિસ્થિતિ પર ઝડપથી અને અસરકારક રીતે નજર રાખવા માટે કંટ્રોલ રૂમની સ્થાપના કરવામાં આવી છે.

આ ઘટના અંગે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો હતો. જ્યારે મૃતકોના વારસદારોને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી બે-બે લાખની અને ઇજાગ્રસ્તોને પચાસ – પચાસ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરાઈ હતી.

ગૃહમંત્રી અમિત શાહે ગોવા આગ દુર્ઘટનામાં થયેલા મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું. શ્રી શાહે સોશિયલ મિડિયા સંદેશમાં જણાવ્યું હતું કે સ્થાનિક વહીવટીતંત્ર બચાવ અને રાહત કામગીરી હાથ ધરી રહ્યું છે અને અસરગ્રસ્ત લોકોની સંભાળ રાખી રહ્યું છે

. . . . . . . . . . . . .

# BJP – SONIA GANDHI

ભારતીય જનતા પાર્ટીએ આજે દાવો કર્યો છે કે કોંગ્રેસ પાર્ટીએ પૂર્વ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નેહરુના વારસાને સાચવીને સરદાર વલ્લભભાઈ પટેલ સહિત અનેક અગ્રણી નેતાઓના યોગદાનને અવગણ્યું છે.

સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપ પંડિત નેહરુના વારસાને ભૂંસી નાખવા અને ઇતિહાસને ફરીથી લખવાનો પ્રયાસ કરી રહી છે.

સોનિયા ગાંધીના આ રોપનો જવાબ આપતા , ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું કે ભાજપ ઇતિહાસ ફરીથી લખવાનો પ્રયાસ કરી રહી નથી, પરંતુ તેને સુધારવાનો પ્રયાસ કરી રહી છે.

શ્રી પાત્રાએ કહ્યું કે આ સુધારાઓ સ્વતંત્રતા અને દેશના વિવિધ પાસાઓમાં યોગદાન આપનારાઓને યોગ્ય શ્રેય આપી રહી છે.

. . . . . . . . . . . . .

# UNESCO – RED FORT

ભારત આવતીકાલથી આ મહિનાની ૧૩મી તારીખ સુધી નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટેની આંતર -સરકારી સમિતિ-ICH ના ૨૦મા સત્રનું આયોજન કરશે. આ અંગે સાભળીએ એક અહેવાલ...

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

ભારતે આ વર્ષે યુનેસ્કો અમૂર્ત વારસાની યાદી માટે પ્રકાશ, ભાઈચારો, કરુણા અને સામૂહિક ઉજવણીના તહેવાર દિવાળીને પોતાની રજૂઆત તરીકે નામાંકિત કરી છે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું હતું કે સ્વતંત્ર મૂલ્યાંકન સંસ્થાઓ દ્વારા અગાઉ સમીક્ષા કરાયેલ આ દરખાસ્ત પર ચાલુ સત્રમાં ચર્ચા કરવામાં આવશે અને સરકારને સકારાત્મક પરિણામનો વિશ્વાસ છે.

છ દિવસીય આ કાર્યક્રમનો ઉદ્દેશ યુનેસ્કો ICH યાદીમાં શિલાલેખ માટે રાજ્યો દ્વારા સોંપાયેલા નામાંકનોની તપાસ કરવાનો , હાલના તત્વોની સ્થિતિની સમીક્ષા કરવાનો અને અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સહાય પૂરી પાડવાનો છે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી  પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે  અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને  અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# ECI - SIR DATA

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે જાહેરાત કરી હતી કે , મતદારયાદી સુધારા ખાસ અભિયાન – SIR નો બીજો તબક્કો શરૂ થયાં પછી મતદારોને 50 કરોડ 94 લાખથી વધુ ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ તબક્કામાં આશરે 51 કરોડ મતદારોમાંથી 99.94 ટકા મતદારો સામેલ થશે.

પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 50 કરોડથી વધુ ફોર્મનું ડિજિટાઇઝેશન કરવામાં આવ્યું છે . મતદાર યાદીઓના SIRનો બીજો તબક્કો ગયા મહિનાની 4 તારીખે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો હતો.

આ રાજ્યો અને કે ન્દ્રશાસિત પ્રદેશો છત્તીસગઢ , ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, લક્ષદ્વીપ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ છે . મતદાર યાદીઓનું મોટા પાયે સંશોધન આવતા વર્ષે 14 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

. . . . . . . . . . . . .

# RUSSIA - UKRAIN

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ડોનાલ્ડ ટ્રમ્પની વાટાઘાટા ટીમ સાથેની તેમની ફોન પરની વાતચીતને સકારાત્મક ગણાવી હતી. પરંતુ તેના થોડાક જ કલાકો બાદ રશિયાએ યુક્રેન પર રાતોરાત હવાઈ હુમલો શરૂ કર્યો.

મધ્ય યુક્રેનના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર ક્રેમેનચુકમાં આજે સવારે અનેક હુમલા કરવામાં આવ્યા. રશિયાએ વિવિધ સ્થળોએ  77 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડવાની જાણ કરી. યુદ્ધનો અંત લાવવા માટે મિયામીમાં યુક્રેન-અમેરિકા વાટાઘાટો વચ્ચે બંને દેશો વચ્ચે હવાઈ હુમલો ચાલુ રહ્યો.

. . . . . . . . . . . . .

# PAKISTAN - BALOCHISTAN

પાકિસ્તાનના બલુચિસ્તાનનાં, ત્રણ જિલ્લાઓ - પંજગુર, ખાલિકાબાદ અને ઝેહરી - માં પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા છે.

માનવાધિકાર સંગઠનો અને કાર્યકરો દલીલ કર ◌ી રહ્યાં છે કે દૂરના વિસ્તારોમાં ત્રાસ ગુજારવામાં આવતી લાશોની વ્યવસ્થિત શોધ, બળજબરીથી ગુમ થવા અને ન્યાયિક હત્યાઓની ચિંતાજનક પદ્ધતિ દર્શાવે છે.

. . . . . . . . . . . . . .

# HOCKEY

પુરુષોની હોકીમાં , ભારત આજે કેપટાઉનના સ્ટેલેનબોશમાં ત્રણ મેચની શ્રેણીની પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાનો સામનો કરશે . આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે . ભારત હાલમાં વિશ્વ રેન્કિંગમાં 7મા ક્રમે છે , જ્યારે દક્ષિણ આફ્રિકા 12મા ક્રમે છે.

. . . . . . . . . . . . .

# CHINA ACCIDENT

ચીનમાં, શિનજિયાંગ ઉઇગુર સ્વાયત્ત ક્ષેત્રમાં ગઈકાલે રાત્રે એક્સપ્રેસ હાઈવે પર થયેલા અકસ્માતોમાં નવ લોકો માર્યા ગયા અને સાત ઘાયલ થયા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ અકસ્માતો તા નચેંગ પ્રાંતના ઉસુ શહેરમાં એક એક્સપ્રેસ હાઈવેના વિવિધ ભાગો પર થયા હતા , જ્યાં અનેક વાહનો સામસામે અથડાયા હતા. પાંચ મોટા વાહનો અને સાત નાની કાર સામેલ હતી

. . . . . . . . . . . . .